# પન્નાલાલાની નવલકથાઓમાં જાનપદી પરિવેશ

પ્રા. હરેશકુમાર એમ. ગોલ
ગુજરાતી વિભાગ, શ્રી યુ.એચ. ચૌધરી આર્ટ્સ કોલેજ, વડગામ
જિ. બનાસકાંઠા, ઉ. ગુજરાત

મારા અભ્યાસ કાળે હું સૌ પ્રથમ જાનપદી નવલકથાના પરિચયમાં આવ્યો છું. પન્નાલાલ પટેલની મારી સૌ પ્રથમ પરિચિત જાનપદી નવલકથા "માનવીની ભવાઈ" રહી છે. એમાં મે જે મનખા અવતારનું ચિત્ર જીવંત શબ્દચિત્રો રૂપે નિહાળ્યું ત્યારથી શ્રી પન્નાલાલ પટેલ મારા વાંચનમાં પ્રિય સર્જક બની રહ્યા છે. જનપદના પ્રકૃતિના ખોળામાં ઉછરતા માનવીઓની કથાઓ વાંચવી મને વિશેષ પ્રિય છે. તેથી મારા આ લેખમાં મે પન્નાલાલની નવલકથાઓમાં રહેલા જાનપદી પરિવેશને રજુ કરવાનો પ્રયત્ન કર્યો છે.

જાનપદી નવલકથા શબ્દગુચ્છમાં જાનપદી વિશેષણ નવલકથાના કલા અર્થ સંદર્ભને નવીનતા બક્ષે છે. સંસ્કૃત શબ્દ "જનપદ" પરથી ગુજરાતીમાં જાનપદી શબ્દ આવ્યો છે. જાનપદી એટલે ગ્રામીણ પ્રદેશના જનજીવનનું યથાર્થ ચિત્ર આલેખનારી નવલકથાને જાનપદી નવલકથા એવું નામ અપાયું છે. ગુજરાતી સાહિત્યમાં જાનપદી સાથે સાથે પ્રાદેશિક, આંચલિક સંજ્ઞાઓ પ્રયોજાય છે. પરંતુ ત્રણે વચ્ચે સુક્ષ્મભેદ આંચલ શબ્દ કોઈ નાના ભૂમિખંડનો અર્થ આપે છે. એ ખંડનું સંપૂર્ણ સમાજજીવન આવે છે. એ સમાજ જીવનના રીતરિવાજ, રહેણી-કરણી, આચાર-વિચાર, વેશભુષા જીવંતરૂપે પ્રગટે છે. જ્યારે પ્રદેશ શબ્દ આચલ શબ્દની તુલનાએ થોડાક મોટા વિસ્તાર માટે પ્રયોજાય છે, જેમકે ઝવેરચંદ મેઘાણીની પ્રાદેશિક નવલકથા "સોરઠ તારા વહેતાં પાણી" છે. તેમ છતાં આંચલિક અને પ્રાદેશિક વચ્ચે ભેદ રહ્યો નથી. આંચલિક નવલકથાની જેમ જાનપદી નવલકથામાં નાના વિસ્તારનું ચિત્ર રજુ થાય છે. પરંતુ આંચલિકમાં શહેર અને ગામડું બન્ને પ્રદેશ આવી શકે છે, જ્યારે જાનપદી નવલકથામાં કેવળ ગ્રામ્ય પરિવેશનો સ્વીકાર કરાયો છે. આમ આંચલિક નવલકથાઓ જાનપદી હોઈ શકે છે. પરંતુ બધી જાનપદી આંચલિક નવલકથાઓ ન બની શકે.

જાનપદી નવલકથાકાર તેની આ પ્રકારની નવલકથાના સર્જન માટે ધરતીના નાના ખંડ વિશેષ પર પસંદગી તારે છે. સામાન્ય રીતે આ તળ પ્રદેશના લોકો ભદ્ર-સંસ્કૃતિથી વંચિત, અજ્ઞાત-પછાત પ્રદેશના હોય છે. સુધારેલાપણાથી દૂરના વગડાઉ પ્રદેશના વૃક્ષની ટોચે કૂંપળ બનીને ફરકે તેવા લોકો જાનપદી નવલકથાના પાત્રો બને છે. તળપદી માટીની મહેંક તેમા એ માટીનો મઘમઘાટ નિરૂપાય છે. પન્નાલાલાના શબ્દોમાં કહીએ તો "માટીની મહેંકનો ટહુંકતો મોર" તેની કળાઓ સહીત પ્રગટ થતો હોય છે. પ્રાકૃતિક પરિવેશનું સજીવ આલેખન, સ્થળ અને કાળની કશમકશમાં ધબકતાં જનપદના વ્યક્તિત્વના તમામ પાસાઓ પ્રગટતા હોય છે. માનવસમાજની માણસાઈના જીવંત ઉદાહરણો દ્વારા એ જનસમુદાયનું ચરિત્રદર્શન સર્જક કરાવે છે. જાનપદી નવલકથામાં શિષ્ટભાષાનો આગ્રહ કુત્રિમ

લાગે છે. સ્થાનીય સમાજજીવનને જીવંત રૂપે રજુ કરવા તળની બોલીનો વિનિયોગ સાર્થક બને છે. કહેવતો, રૂઢિપ્રયોગો, લકોક્તિ, લોકબોલીના લહેકાઓ, કાકુઓ જ વાતાવરણને ચૈતન્ય-ધબકતું અને ભર્યુ ભર્યુ બનાવે છે.

ગુજરાતી નવલકથામાં સૌ પ્રથમવાર જાનપદી તત્વ ઝવેરચંદ મેઘાણીની “સોરઠ તારા વહેતાં પાણી” માં પ્રગટ થાય છે, પરંતુ ત્યાં સમગ્ર સોરઠપ્રદશેનું ચિત્ર છે. જાનપદી નવલકથાનો યુગ ગુજરાતી સાહિત્યમાં પટેલ ત્રિપુટીના આગમનથી બેઠો છે. પન્નાલાલ પટેલ ઈશ્વર પેટલીકર અને પિતાંમ્બર પટેલ. પન્નાલાલે ગુજરાતના ઈશાન પ્રદેશને, પેટલીકરે ચરોતર પ્રદેશને અને પિતાંમ્બર પટેલે ઉત્તર ગુજરાતના જાનપદી પ્રજા માનસને પોતાના સર્જનમાં અભિવ્યકત કર્યો છે. મેઘાણીથી આરંભાયે આ કેડીને શિખર સુધી પહોંચાડવાનું કાર્ય પન્નાલાલ પટેલે કર્યુ છે.

જાનપદી પરિવેશનમાં ઉછરેલા આ પન્નાલાલનો જન્મ કૃષિપ્રધાન “માંડલી” ગામમાં થયો હતો. આ પ્રદેશના લોકોની સામાજિક, આર્થિક પરિસ્થિતિ ખેત આધારીત હતી. ગરીબીમાં સબડતો અને દરબારી અન્યાયકારી વેઠના શોષણમાં પિસાતો તથા શાહુકારી વ્યાજમાં પોતાની કમાઈનો બધો ભાગ ગુમાવી દેતો જાનપદી સમાજ પન્નાલાલ નાની વયથી જોતા આવ્યા છે. વગડામાં ઢોર ચારવા, ખેતરોની રખવાળી કરવી, ખેતરોમાં વાવણી, નીંદામણ, પાકના વાઢણા વગેરે કામોમાં પોતાની જીંદગી ગુજારતા આ પ્રદેશના લોકો દુકાળ-દવ અને રોગચાળામાં સપડાતા અને સમય આવતા ખીલી ઉઠતા. પ્રકૃતિના ખોળામાં ઉછરતો સમાજ પન્નાલાલના ચિતમાં ખૂબ ઉંડે સુધી વ્યાપી વળ્યો હતો. તેને તેમના આ પ્રકારના સર્જનમાં અભિવ્યક્ત કર્યો છે. ઈડરબોર્ડિંગમાં ઉમાશંકર જોષી સાથેનોદ પન્નાલાલાનો સંપર્ક ગુજરાતી સાહિત્યમાં ભવિષ્યમાં ચમત્કારી પરિણામો આપનારો નીવડવાનો છે તેની તો ત્યારે તેમને કલ્પના પણ નહોતી પરંતુ મહાત્મા ગાંધીની અધ્યક્ષતમાં મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશન સભામાં મુંબઈથી આવેલા પોતાના મિત્ર ઉમાશંકર જોષી સાથેની જૂની ઓળખાણ તાજી કરાવવાની આકસ્મિત તક ઝડપી ત્યારથી કાળી મજૂરીમાં અટવાતા પન્નાલાલ સરસ્વતિના મંદિરમાં અધિકારી સાધક બની રહ્યા છે. પ્રથમ કવિતા અને પછી વાર્તા “સેઠની શારદા” થી શરૂઆત કરી સાહિત્ય સાધનાના આ પંથમાં વાર્તાનું ફલક નાનું પડાં નવલકથા પર હાથ અજમાવ્યો છે. પ્રથમ સર્જેલ નવલકથા ‘ભીરૂના સાથી’ ૧૯૪૩ માં પ્રગટ કરી છે. પરંતુ પ્રથમ પ્રગટ ‘વળામણાં’ ૧૯૪૦માં થઈ છે.

‘સાસરિયામાં સંપ નહિ, પિયરમાં જંપ નહી’ એવી સુથારકોમની પરણીતા ઝમકુને મનોરદા ગામમાં જ પોતાના ઘરેથી વળામણાં કર્યા એ કથાવસ્તુમાં સ્ત્રી પુરૂષના સંબંધમાં ઝમકુના વણસેલા લગ્નજીવનની અને તેના પ્રણય પ્રસંગની સમસ્યા આલેખી છે. જ્ઞાતી બંધનની આણને સર્વોપરી ગણનારો ભીરૂ સમાજ આ સંબંધને ગુંગળાવે છે. ગ્રામજનોની પાપ-પુણ્યની લૌકિક માન્યતાવાળો જાનપદી પરિવેશ વિગતે વાસ્તવિકરૂપે નિરૂપાયો છે. ગ્રામીણ આગેવાનના રૂપમાં રજૂ થયેલા મનોરમુખી સ્વાર્થી છે. પરંતુ ભગવાને માનવીને જેમ બંને બાજુ પીઠ નથી આપી એક તરફ છાતીના પોલાણમાં ધબકતું હ્રદય પણ આપ્યું છે જે જ્યારે સક્રિય બને ત્યારે વ્યક્તિમાં પરિવર્તન આવતુ હોય છે એવું મનોરમુખીના પાત્રમાં બન્યુ છે. ઝમકુના આંસુ, લાચારી, કર્માચેલુ મન, જીવતા મડા જેવી હાલત આ બધુ મનોરદાના હૈયાને સ્પર્શી શક્યુ ત્યારે વળામણાનું પરિણામ આવી શક્યુ છે તેમણે સ્વપ્નમાં પણ નહોતું વિચાર્યુ કે ઝમકુના વળામણાં પોતાના જ ઘરેથી કરવા પડશે. ન્યાતપંચની કાર્યવાહી લગ્ન સંબધમાં ઉંભી થતી ગુંચનો ઉકેલ

અર્ધસત્યના મુલ્યો રમાડી જાણનારા આગેવાનોના પંચની કાર્યવાહી રહી છે. જાનપદી પન્નાલાલ પટેલ જીવનની નાડના પરખુ સમા છે. શિયાળાની રાતથી આંભાતી આ નવલકથાના વાતાવરણમાં ગ્રામ્યસમાજની વિશિષ્ટ મુદ્રા ઉપસાવી આપે છે.

ચેંથરાનો વાઘ કરવો (પૃષ્ટ નં. ૧૪)

ઢેકું ભાંગ્યું ને ધૂળ (પૃષ્ટ નં. ૧૦૦)

'અહી બાટી ખાતાં બુજ આવે છે તે ત્યાં કુવો પૂરવા હેંડયાં પાછાં ! '

ઉપર જેવી લોકોક્તિઓનું તળપદુ માણવા જેવું છે ભાષાના આવા વિશિષ્ટ પ્રયોગથી જાનપદી નવલકથાની આગવી ઓળખ ઉભી થાય છે.

'મળેલા જીવ'  સમગ્ર ગુજરાતી સાહિત્યમાં સીમાસ્તંભરૂપ રચના છે. ગામડું, યૌવન અને મેળાની મસ્તીમાં ફુટેલા પ્રણયના અંકુર મળેલા જીવમાં નાયક-નાયિકાના ચિત ચગડોળ રૂપે ઘુમે છે. ગામડાગામના વાતાવરણને તથા પ્રેમની ગાઢ સંવેદનાએ પન્નાલાલના ચિત પર બરાબર પક્કડ જમાવી છે. જન્માષ્ટમીના મેળવામાં મળેલા જીવી અને કાનજીના જીવી એક છે. માત્ર ખોળીયા જુદા છે. સામાજિક જ્ઞાતિભેદ આ ખોળીયાને ભેગા કરવામાં નડે છે. જુદાઈ ટાળવાનો જીવીને પરને સોપવાનો માર્ગ વ્યર્થ નિવડયો તેમાં બાહ્ય રીતે ધુળાનાં વહેમ અદેખાઈ પ્રેરીત જૂલમ અને કુટીલ પેંતરાઓ કરાવે છે. આવા પેંતરાઓ પાછળ કાનજીની અનિર્ણિત મનોદશા કારણભૂત નિવડે છે. કાનજીનો ગામવટો, ધૂળાનું કમોત, જીવીની ચિતાવસ્થાનો લોહી ઉકળતો પાકો રંગ કથા પર ચડ્યો છે. અંતમાં નજીવી બનેલી જીવીને પોતાની કરી કાનજીએ સ્થૂળ આકર્ષણમાંથી જીવ મળ્યાની સુક્ષ્મ પ્રતીતિ કરાવી છે. ગોકુળ આઠમના મેળાથી બીજા વર્ષના કાર્તિકી પૂનમના મેળા વચ્ચેની આ કથામાં નાયક નાયિકાના હૈયાએ ભવોભવની અપાર વેદનાઓ નો અનુંભવ પન્નાલાલની કલમ વડે કરી લીધો છે. એક બાજુ લોહીના કોગળા અને બીજી બાજુ પ્રીતના ઘુંટડાના આયામો રચ્યા છે. પાત્રોની ક્રિયાને ઉઠાવ આપવા માટે પ્રાકૃતિક પરિવેશ મહત્વોનો બની રહ્યો છે. 'ભાદરવાની મેઘલી રાત હતી, આકાશ અને પૃથ્વી પર તાંડવ મંડાયું હતું ચારેબાજુ અંધારૂં ઘોર હતું' – આ શબ્દચિત્રમાં પ્રીતની અજાણી આરસમાં મોહપાશમાં આવી ગયેલા કાનજીના ચિતને જાણે કે બહાર કાઢીને મુકી આપ્યુ છે.

"તારાઓથી ભર્યું આભ જાણે મરક મરક હસી રહ્યુ હતું
જયારે પૃથ્વી માથા ઉપર આટઆટલા દીવા ઝગે, છતાં મારે અંધારૂં"

કાનજી અને જીવીની બે અસમ અવસ્થાઓને એકસાથે મુકી આપી તેમની બળતરને સબળ અભિવ્યક્તિ મળી છે. "ઓળીયું બગડે એતો સમજ્યા મારા ભાઈ, મોડી વહેલીય નવી ચામડી આવે પણ જીવ બગડે તો તો એ લાગેલો ડાગ બીજા અવતારમાંય નથી જવાનોં" (પૃ. ૧૩૨)

આવી નાયક નાયિકાની ઉક્તિઓ સમગ્ર જનપદના વાતાવરણને ભાવવિભોર બનાવે છે. કાનજી અને જીવીના મળેલા જીવની આ વિતકગાથા છે પરંતુ સમગ્ર પરિવેશ જન સમાજના સ્પંદનોથી સજીવ બને છે. મકાનઈની રખવાળી , નીંદણા-વાઢણા, હળખેડ જેવી ગ્રામીણ જીવનની પ્રવૃતિઓમાં આનંદ ઉલ્લાસ કરનારા મેળાઓ લગ્ન

જેવા સામાજિક મેળાવડા આ નવલકથાના જાનપદી અંગો છે. લગ્ન સમયે ગવાતા લોકગીતો જાનપદી વાતાવરણ સર્જે છે. લેખકની શૈલી કાવ્યાત્મકતા ધારણ કરે છે. ઈન્દ્રિય ગ્રાહ્યતાનો ગુણ તેમના નિરૂપણમાં છે. નાદવૈભવથી રણકતા અને અર્થાનુસારી નાદવાળા શબ્દગુચ્છો જેમકે :

'ઘંટીમાં કાંકરા ભચેડાતા હોય તેમ દાંત કટકટાવતં રેશ્માએ બરાડો પાડ્યો..... (પૃ. ૧૭૦)'

એમાં તળપદી ફોરમ જાનપદી નવલકથાને મળી ગયેલા જીવ જેવી જ છે. પન્નાલાલે પોતાના હૈયાનું હીર પાયેલું આમાં જોઈ શકાય છે. પન્નાલાલની નવલત્રયી માનવીની ભવાઈ (૧૯૪૭) ભાંગ્યાના ભેરૂ (૧૯૫૭) અને ઘમ્મર વલોણું ભાગ ૧-૨(૧૯૬૮) એ નવલકથાના સાહિત્યમાં ઈતિહાસ સર્જ્યો છે. ત્રણ-ત્રણ પેઢીના વ્યાપક સંદર્ભે જનસમુદાયની મનખાવતારની ભવાઈને રજુ કરવાનો ઉપક્રમ દાખવ્યો છે. માનવીની ભવાઈમાં જાનપદી નવકલકથાના કસબી પન્નાલાલની ઝાંખી થાય છે. ગુજરાત-રાજસ્થાનની સરહદે ઈશાન ખૂણામાં ડુંગરાઓ-વગડાઓને અડીને આવેલા ખેતી પ્રધાન સમાજ તેના પહેરવેશ, રહેણી-કરણી, આંટી-ઘૂંટીઓ , વારવહેવારો, શ્રધ્ધા-ધાર્મિક ઉત્સવો અને પલટાતા માનવજીવનની તાસીરની ભાતીગળ ભૂમિકા રજૂ કરી છે. છપ્પનિયા દુકાળનું નિરૂપણ, અંગ્રેજ-જર્મનની લડાઈઓના અલપ-ઝલપ ઉલ્લેખ, ભીલોના બળવા, રજવાડી વાતાવરણ વગેરે ઘટનાઓ નિરૂપાઈ છે. આદિવાસી પ્રજા તેમનો વગડાઉ-ડુંગરાઉ પ્રદેશ અને આરણ્યક સંસ્કૃતિને વન્યપ્રજાની જીવંત સમસ્યાઓના આલેખનો દ્વારા ગ્રામીણ પરિવેશમાં પન્નાલાલે નવી રંગપૂરણી કરી છે. છપ્પનિયો દુકાળ અને ઘાસ ચારાની અછતની જેમ દાવાનળની ઝાળ ઘમ્મર વલોણુંને આભડી ગઈ છે. તીડના આક્રમણે અને ભીલોના બળવાઓએ એવી જ આપતીનો અનુંભવ કરાવ્યો છે. ભીલોના બળવાનો પ્રસંગ સંપૂર્ણ વણઝારાના વેરનું સર્જન છે. દરેક ખંડને અંતે પરાકાષ્ટારૂપ તીવ્રતા આવે છે. માનવીની ભવાઈના અંતે દુકાળ, ભાંગ્યાનાં ભેરૂના અંતે ઘાસચારાનો દુકાળ, ઘમ્મર વલોણું ખંડ એકના અંતે તીડનું આક્રમણ અને બીજા ખંડમાં પ્રતાપ-ચંપાના સંબંધની ન ઉકેલે તેવી ગૂંચની પરાકાષ્ટા આવે છે. કથાત્રયીમાં કાળ આધિપત્ય ભોગવે છે. સમય, મૃત્યુ, વિનાશ, અમર્ષ, વારાફેરા, દેવ એમ બહુરૂપી કાળત્વના વાયવ્ય ઉતરીય દિશાની ઝલકો દર્શાવી ચમત્કાર સર્જ્યો છે. માનવીની ભવાઈ કાળથી દોરાતા જનપદી સમાજની કથા છે. ભૂખી ભૂતાવળને તલવાર આપતાં કાળુ શાખ આપે છે :

"લો તમારી માના ધણિઓ ! કાળના પાડનાર ભગવાન તરૂં મૂળ જજો તે માનવીની આ દશા કરી ! " (પૃ. ૩૧૩)

માનવજીવનના વારાફેરામાં પણ કાળનો જ પ્રચ્છન લય અનુભવવા મળે છે.

'પાછલે બારણે' નવલકથાના કેન્દ્રમાં રજવાડાના પરિપેક્ષ્યમાં ખેતી પ્રધાનતા નથી. એમાં રજવાડાંના કાવાદાવા અને પરિણામે લાગણીના ઘસામણનું હદયસ્પર્શી આલેખન છે. દેશી રજવાડાઓનું આપખુદી વલણ, અજ્ઞાન ભોળી પ્રજાનું સામાજિક, આર્થિક શોષણ, આવા વાતાવરણની ભૂમિકામાં દેશ પ્રેમની ઉગ્ર લાગણી સાથે સમર્પિત થઈ જનારા ભાવનાશાળી યુવાન હિમ્મતસિંહ અને હિજરાતી માતા કુંવરબાઈના હૈયાના મર્મકોષોનાં પન્નાલાલે દર્શન કરાવ્યા છે. 'સાચાં શમણાં' માં વહાલી પત્ની અને બાળકો સાથે ઠીકઠીક સુખ સંતોષથી જીવનારો મથુર પ્રબળ આંતરદ્રન્દ્રમાં મુકાયો ને મહેમાન બની આવેલ સાળી મણીને ધણિયાણી બનાવી બેઠો આ મુખ્ય ઘટનાને જાનપદી પ્રજાજીવનની ઉદીપન સામગ્રી ગુંથીને પન્નાલાલે માનવમનનાં ભીતરી સંચલનોને પ્રગટ કરી આપ્યા છે.

'ના છૂટકે' નવલકથામાં રૂમાલ-દરિયાવ, જવાંમર્દ બહારવટીયા રતનો-દલાનાં છોરૂં છે. દરિયાવ-રૂમાલના જીવ મળ્યા તુલ્ય પ્રેમના પ્રવાહને મસુરો, રામલી, ઠાકોર વગેરેની ખલનાયિકી અકળાવે છે. આ બેતાલીસના પટ્ટાને એમણે શોષણ, અત્યાચાર, ગુલામી, વેઠ વગેરેમાંથી બહાર લાવવો છે. સામાજિક જાગૃતિ માટેની ચળવળ જાગી છે. આ નવલકથામાં વ્યક્તિ, કુટુંબ, સમાજ, રાજ્ય, પ્રજામાનસ, વ્યાપક જીવન મૂલ્યો, રાજકીય આંદોલનો અને એ બધાથીય પેલે પારનું યુગબળ કથાના વહેણને માટે ઉપયોગી નીવડ્યું છે. આ કેવળ પાત્રપ્રધાન નવલકથા ન રહેતાં જાપદી વાતાવરણ પ્રધાન બની રહે છે. 'મનખાવતાર' માં માવા અને રૂખીના પરિણ્યોતર સંબંધને થાળે પાડવામાં ઉભી થયેલી ગુંચ અને સમાજિક સંદર્ભ, લોકમાનસ તથા વૈયક્તિ લાગણીઓના તંતુઓની સંકુલ ગુંથણી કરી છે. જાનપદી નવલકથા 'કરોળિયાનું જાળું' માં તરૂણવયની પ્રણયભાવના, લગ્ન-લગ્નેતર સ્ત્રી પુરૂષના સંબંધ અને કૌટુબિંક જીવનમાં તે કારણે ઉભી થતી નાજુક ગુંચનું સંકુલ કળાજાળુ ગુથ્યુ છે. 'વળી વતનમાં' પન્નાલાલના ગ્રામીણ જીવનના સ્વાનુંભવની ઝાંચવાળી લગુકદની જાનપદી નવલકથા છે. નવલોકથાની લીલાભૂમિ ગામ-નગર-ગામ એમ પલટાતી રહેતી હોવા છતાં અમરતકાકાનું મનોજગત નઉપટે તેવા ગ્રામીણ ધૂળિયા રંગોથી ભરેલ છે. જાનપદી જીવનને અનોખા દષ્ટિકોણથી મૂલવનારી આ નવલકથામાં ગ્રામીણ સમાજનું યથાતથ વ્યક્તિત્વ ઉપસાવવામાં આવ્યું છે. 'મીણ માટીનાં માનવી' પન્નાલાલની આગળની જાનપદી નવલકથાઓની પરંપરામાં સ્વકીય નવો સર્જક ઉનમેષ પાડે છે. પ્રણ્ય પ્રાપ્તિમાં જ્ઞાતિભેદનું વ્યવધાન અને અવૈધ જાતીયસ્ખલનને કારણે સર્જાતી નાજુક પરિસ્થિતિનો સમુચિત ઉપયોગ કર્યો છે. લેખકના નિરાળા મુડની જાનપદી નવલકથા છે.

'કંકુ નવલકથામાં કથાપટનો ત્રિભંગ રચાય છે. પ્રજા માનસના ભાતીગળ પોતની ગુંથણી છે. ' અજવાળી રાત અમાસની' માં ભૂત-પ્રેતની અદભુત સૃષ્ટિ ગ્રામીણ માનસ પર ઘેરો પ્રભાવ પાડ છે. જાનપદી નવલકથામાં આવા લોકોતર તત્વોની ગુંથણી આવકાર્ય છે. નાયક ભૈરવ પ્રેત છે. નાયીકા રતનની સાથે કૃષિ ગોપાલક નર નારીઓનો પલ્લી સમાજ પ્રતિષ્ઠિત થયો છે. 'એકલો' ચરિત્રાત્મક નવલકથા છે. તળપદી આબોહવાની સોડમ અને કલ્પનોતેજક વર્ણનો પન્નાલાલની આગવી કલા સંપદા છે. 'તાગ' નવલકથામાં પન્નાલાલે ઈસાનીયા મૂલકની આબોહવા વહેતી કરી છે. વીસમી સદીના પૂર્વાધનો સમય સ્વીકારી લોક જીવનની તત્કાલીન છબી અંકીત કરે છે. પન્નાલાલની જાનપદી નવલકથાની ઢળતી સાંજ આવી અદભૂત રંગ સૃષ્ટિનો પરિચય કરાવે છે. 'ફકીરો' સ્નેહ અને શ્રધ્ધાની સંયોગી કથા છે. તેમાં ગ્રામીણ વાતાવરણ જીવંત થયું છે. આમ સત્તર જેટલી જાનપદી નવલકથાઓમાં તેમને ગ્રામીણ જીવનને નિરૂપી આપ્યું છે.